પેજ 3

બોલિવૂડના સિતારાઓએ ખાસ અંદાજમાં સેલિબ્રેટ કર્યો યોગા ડે

મુંબઈ, તા. 21 : આજે સવારથી જ સોશિયલ મીડિયા પર બસ યોગ ડેની તસવીરો અને વીડિયોનું પૂર જ દેખાયું હતું. બોલિવૂડના ઘણા મોટા સ્ટાર્સે વહેલી સવારે જ કાં તો કોઈ પબ્લિક ઇવેન્ટમાં જઈને અથવા તો પોતાના ઘરના શાંત ખૂણામાં યોગ કરતાં પોતાની તસવીરો ફેન્સ સાથે શેર કરી હતી. 'ફિટનેસ ક્વીન' શિલ્પા શેટ્ટી આ વખતે યોગ દિવસ પર ગુરુગ્રામમાં એક ખૂબ જ મોટા પ્રોગ્રામનો હિસ્સો બની હતી. અક્ષય કુમાર આ અવસરે દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લા પર પહોંચ્યો હતો. શાહિદ કપૂરે યોગ દિવસ પર પોતાની એક રિલેક્સિંગ તસવીર શેર હતી. રણબીર કપૂરની બહેન રિદ્ધિમાએ આજે યોગ દિવસ પર એક ખૂબ જ મુશ્કેલ અને એડવાન્સ યોગાસન કરતા પોતાનો ફોટો પોસ્ટ કર્યો.

રહેમાનની આશા ભોંસલેને શ્રદ્ધાંજલિ, અંતિમ ગીત 'આશા ફોરએવર'નું ટીઝર રિલીઝ

મુંબઈ, તા. 21 : વર્લ્ડ મ્યુઝિક ડે પર એઆર રહેમાને પીઢ ગાયિકા આશા ભોંસલેને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપતાં તેમણે રેકોર્ડ કરેલા છેલ્લા ગીતોમાંના એક ગીત 'આશા ફોરેવર'નું ટીઝર રિલીઝ કર્યું હતું. મલ્ટી-ઓર્ગન ફેલ્યોરના કારણે આ વર્ષે ૧૨ એપ્રિલે ૯૨ વર્ષની વયે ભોંસલેનું અવસાન થયું હતું. આ ગીત આ પ્રતિષ્ઠિત ગાયિકા અને ઓસ્કાર વિજેતા સંગીતકાર વચ્ચેના એક વિશેષ સહયોગને દર્શાવે છે અને તેમના અસાધારણ સંગીતમય વારસાની ઉજવણી કરે છે. એક્સ પર આ ગીતનું ટીઝર શેર કરતાં રહેમાને લખ્યું, "આ વર્લ્ડ મ્યુઝિક ડે પર આપણે એક એવા અવાજની ઉજવણી કરીએ છીએ જે પેઢીઓ, ભાષાઓ અને સરહદોથી પર રહ્યો છે."

સલમાન ખાનને કોર્ટે આપ્યો મોટો ઝટકો : 'કાલા હિરણ' ફિલ્મ ટાઇટલ પર પ્રતિબંધ નહીં!

નવી દિલ્હી, તા. 21 : દિલ્હી હાઈકોર્ટ તરફથી સલમાન ખાનને હાલમાં કોઈ રાહત મળી નથી. કોર્ટે ફિલ્મના ટાઇટલ પર વચગાળાનો પ્રતિબંધ લગાવવાનો ઇનકાર કરી દીધો છે. 20 જૂનના આ આદેશ બાદ મેકર્સ પોતાનું કામ ચાલુ રાખી શકે છે. હવે આ મામલે આગામી સુનાવણી જુલાઈમાં થશે, જેનાથી કાનૂની પલ્લું હાલમાં પ્રોડક્શન હાઉસ તરફ નમતું દેખાઈ રહ્યું છે. સલમાનનો દાવો છે કે, ફિલ્મનું આ ટાઇટલ તેમના 'પર્સનાલિટી રાઇટ્સ'નું ઉલ્લંઘન કરે છે. આ ચુકાદા બાદ મેકર્સ આ વીકેન્ડ પર પોતાની પ્રમોશન સ્ટ્રેટેજી સાથે આગળ વધી શકે છે. નવા ટ્રેલર કે પોસ્ટર રિલીઝ કરવા પર હાલમાં કોઈ પ્રતિબંધ નથી. આજથી ડિજિટલ માર્કેટિંગ કેમ્પેનમાં પણ તેજી જોવા મળી શકે છે.

'લેટન્ટ ૨' પર સમય રૈનાએ આલિયા ભટ્ટની મજાક ઉડાવી



મુંબઈ, તા. 21 : જો 'ઇન્ડિયાઝ ગોટ લેટન્ટ' સીઝન ૨માં આલિયા ભટ્ટને આસાનીથી છોડવા માટે કોઈ તૈયાર નહોતું, તો તે સમય રૈના હતો. આ કોમેડિયને નવી સીઝનની શરૂઆત અભિનેત્રીઓ આલિયા અને શર્વરીને ખાસ મહેમાન તરીકે આમંત્રિત કરીને કરી હતી. શોમાં 33 વર્ષીય આલિયાનો પરિચય કરાવતાં સમયએ રમૂજી અંદાજમાં તેને અત્યાર સુધી 'લેટન્ટ' પર આવેલી સૌથી મોટી સેલિબ્રિટી ગણાવી હતી અને ત્યારપછી એક એવો પંચલાઇન માર્યો જે ઝડપથી આ એપિસોડની સૌથી યાદગાર ક્ષણોમાંની એક બની ગયો. તેણે કટાક્ષ કરતાં કહ્યું, "તે અત્યાર સુધી લેટન્ટમાં આવેલી અમારી સૌથી મોટી ગેસ્ટ છે. લેટન્ટની સર્વોચ્ચ પળ અને તેના કરિયરની સૌથી ખરાબ પળ." જેનાથી દર્શકો હસી પડ્યા હતા.

બ્રિટનમાં 'હીટ ડોમ'થી તાપમાન ૩૮ ડિગ્રીના રેકોર્ડ સ્તરે પહોંચશે

હવામાન વિભાગે ચાર દિવસની ભીષણ ગરમીની ચેતવણી જાહેર કરી

બુધવાર અને ગુરુવારે તાપમાન અત્યાર સુધીના તમામ રેકોર્ડને બ્રેક કરશે

લંડન, તા. 21 : આવતા અઠવાડિયે તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સિયસના રેકોર્ડ સ્તરે પહોંચી જશે. કારણ કે, બ્રિટનમાં 'હીટ ડોમ' ત્રાટકવાની તૈયારીમાં છે, જેને પગલે હવામાન ઓફિસે ખરાબ હવામાન માટે ચાર દિવસની નવી ચેતવણી જાહેર કરી છે.

રાષ્ટ્રીય હવામાન વિભાગ દ્વારા બુધવાર અને ગુરૂવાર માટે ૩૮ ડિગ્રી સેલ્સિયસના રેકોર્ડબ્રેક ઊંચા તાપમાનની આગાહી કરવામાં આવી છે - જે જૂન મહિનામાં નોંધાયેલા અત્યાર સુધીના સૌથી વધુ તાપમાનનો રેકોર્ડ તોડશે, જે અગાઉ ૧૯૭૬માં સાઉથેમ્પ્ટનમાં અને ૧૯૫૭માં કેમ્ડેન સ્ક્વેરમાં કાળઝાળ ૩૫.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. લંડનમાં આ બે દિવસ દરમિયાન તાપમાન વધીને ધગધગતા ૩૮ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી જશે, જ્યારે બર્મિંઘમમાં પણ આ જ પ્રકારે બુધવારે ૩૫ ડિગ્રી સેલ્સિયસ અને ગુરૂવારે ૩૭ ડિગ્રી સેલ્સિયસ જેટલું ઊંચું તાપમાન જોવા મળશે.

હવામાન વિભાગ દ્વારા ભીષણ ગરમીની ચેતવણી સોમવાર અને મંગળવારથી લંબાવીને તેમાં બુધવાર અને ગુરૂવારનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જે દક્ષિણ ઈંગ્લેન્ડ અને વેલ્સના મોટા ભાગના વિસ્તારો, ઈસ્ટ અને વેસ્ટ મિડલેન્ડ્સ, સાઉથ વેસ્ટ અને સાઉથ ઈસ્ટ ઈંગ્લેન્ડ તેમ જ ઈસ્ટ ઓફ ઈંગ્લેન્ડને આવરી લે છે.

આવતા અઠવાડિયે રાત્રિ દરમિયાન પણ ગરમીનો પ્રકોપ યથાવત રહેવાની ધારણા છે. કારણ કે, એવા વિસ્તારોમાં ઉષ્ણકટિબંધીય રાત્રિઓની આગાહી કરવામાં આવી છે જ્યાં તાપમાન ૨૦ ડિગ્રી સેલ્સિયસથી ઉપર રહેશે.

જેડી(યુ)ને નીતિશમાં જ વિશ્વાસ, પુત્ર નિશાંતને પક્ષનું ભાવિ ગણાવ્યો

પક્ષની રાષ્ટ્રીય પરિષદની બેઠકમાં નીતિશ કુમારના અટળક વખાણ કરાયા, જનક રાજા સાથે સરખામણી કરાઇ!

જનતા દળ(યુ)ના અધ્યક્ષ તરીકે ફરીથી નીતિશ કુમાર ચૂંટાયા

પટના, તા. ૨૧(પીટીઆઈ): જનતા દળ(યુનાઇટેડ)એ રવિવારે બિહારમાં સરળ સત્તા હસ્તાંતરણનું ઉદાહરણ બેસાડવા બદલ તેના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતીશ કુમારની પ્રશંસા કરી હતી અને ભારપૂર્વક જણાવ્યું હતું કે હવે તે ભૂતપૂર્વ મુખ્યમંત્રીના પુત્ર નિશાંતમાં પોતાનું ભવિષ્ય જુએ છે.

જેડી(યુ)ના રાષ્ટ્રીય પ્રવક્તા રાજીવ રંજન પ્રસાદે પક્ષની રાષ્ટ્રીય પરિષદની બેઠક બાદ યોજાયેલી પત્રકાર પરિષદમાં આ માહિતી આપી હતી. આ અગાઉ દિવસની શરૂઆતમાં રાજ્ય પરિષદની બેઠક મળી હતી. પ્રસાદે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય પરિષદે ચાલુ વર્ષની શરૂઆતમાં યોજાયેલી સંગઠનાત્મક ચૂંટણીઓમાં રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે કુમારની પુનઃ ચૂંટણીને બહાલી આપી હતી અને તેમને પક્ષની જંગમ અને સ્થાવર મિલકતોના સંચાલન માટે એક ટ્રસ્ટ સ્થાપવા" માટે અધિકૃત પણ કર્યા હતા. જેડી(યુ)ના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, બિહારમાં સત્તાના સરળ હસ્તાંતરણનું ઉદાહરણ પ્રસ્થાપિત કરનાર નીતીશ કુમારની પક્ષે એક અવાજે પ્રશંસા કરી હતી. તેમનું મુખ્યમંત્રી પદ છોડવું એ રાજકીય શુદ્ધતા અને વિશ્વસનીયતાનું ઉદાહરણ હતું.

બ્રિટિશ વડા પ્રધાન સ્ટાર્મર આજે રાજીનામું આપે તેવા એંધાણ

બ્રિટનમાં 10 વર્ષમાં 5 પીએમએ કાર્યકાળ પહેલા પદ છોડ્યું, સ્ટાર્મર છઠ્ઠા પીએમ બનશે

લેબર પાર્ટીના 100 સાંસદ કીર સ્ટાર્મરની વિરુદ્ધ, સરકારી સૂત્રોએ જો કે રાજીનામાની વાત ફગાવી

લંડન, તા. 21: બ્રિટનના વડા પ્રધાન કીર સ્ટાર્મર સોમવારે રાજીનામાની જાહેરાત કરી શકે છે. સાથે જ તેઓ પોતાનું પદ છોડવાનો રોડમેપ પણ જણાવી શકે છે. આ દાવો બ્રિટનના અખબાર 'ધ ઓબ્ઝર્વર'ના રિપોર્ટમાં કરવામાં આવ્યો છે.

રિપોર્ટ અનુસાર, સ્ટાર્મરે કેબિનેટ મંત્રીઓ, સલાહકારો અને ટ્રેડ યુનિયન નેતાઓ સાથે વાતચીત કર્યા બાદ નક્કી કર્યું છે કે, તેમનું પદ પર ટકી રહેવું હવે મુશ્કેલ છે. જોકે, કેટલાક અહેવાલો અનુસાર સરકારી સૂત્રોએ આ દાવાને ફગાવી દેતાં કહ્યું છે કે સ્ટાર્મર હજુ પણ વડા પ્રધાન તરીકે પોતાના કામ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. અહેવાલો અનુસાર, સ્ટાર્મરની લેબર પાર્ટીના 100થી વધુ સાંસદો જાહેરમાં કહી ચૂક્યા છે કે, પીએમએ રાજીનામું આપી દેવું જોઈએ અથવા પોતાનું પદ છોડવાની સમયસીમા જાહેર કરવી જોઈએ.

તમિલનાડુમાં એમોનિયા ગેસ લીક થતાં 2નાં મોત, 62 હોસ્પિટલમાં

તિરુવલ્લુર (તમિલનાડુ), તા. ૨૧ (પીટીઆઈ) : તિરુવલ્લુર જિલ્લામાં રવિવારે એક ખાનગી ફિશ મીલ (માછલીના ખોરાક) એક્સપોર્ટ ફેક્ટરીના પ્રોડક્શન યુનિટમાં એમોનિયા ગેસ લીક થતાં બે મહિલાઓનાં મોત થયાં છે અને અન્ય ૬૨ લોકો પ્રભાવિત થયા છે. એમ તમિલનાડુ સરકારે જણાવ્યું હતું. આ ઘટના પેરિયાપાલયમ નજીક કન્નિગાઈપૈર ગામમાં બની હતી. સરકારી અખબારી યાદી મુજબ, તમિલનાડુના મુખ્યમંત્રી સી. જોસેફ વિજયે ડિરેક્ટર ઓફ ઇન્ડસ્ટ્રિયલ સેફ્ટી એન્ડ હેલ્થ, મેમ્બર સેક્રેટરી, પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને એડિશનલ ડિરેક્ટર ઓફ પબ્લિક હેલ્થ સાથે એક ત્રણ સભ્યોની સમિતિની રચના કરવા અને ૨૪ કલાકમાં વચગાળાનો અહેવાલ તથા ત્રણ દિવસમાં અંતિમ અહેવાલ સુપરત કરવા સૂચના આપી છે.

ધોરણ-12 ફેરચકાસણીના પરિણામો CBSE દ્વારા જાહેર કરાયા

પ્રથમ તબક્કામાં 87 ટકાથી વધુ અરજીઓનું પરિણામ જાહેર

નવી દિલ્હી, તા. ૨૧(PTI): સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન(CBSE) એ રવિવારે તે વિદ્યાર્થીઓ માટે પુનઃમૂલ્યાંકનના પરિણામો જાહેર કર્યા છે જેમણે ધોરણ ૧૨ ની બોર્ડ પરીક્ષાની ઉત્તરવહીઓની ચકાસણી અને પુનઃમૂલ્યાંકન માટે અરજી કરી હતી. આ સાથે જ પ્રથમ તબક્કામાં ૮૭ ટકાથી વધુ અરજીઓનું પરિણામ જાહેર કરી દેવામાં આવ્યું છે.

CBSE એ 'X' પર એક પોસ્ટમાં જણાવ્યું કે, CBSE એ ધોરણ XIIની ચકાસણીમાં સામે આવેલા મુદ્દાઓ અને પુનઃમૂલ્યાંકનના પરિણામો જાહેર કરવાનું શરૂ કરી દીધું છે. બોર્ડે જણાવ્યું કે, પરિણામો તબક્કાવાર જાહેર કરવામાં આવી રહ્યા છે, જેમાં પ્રાપ્ત થયેલી કુલ અરજીઓમાંથી ૮૭ ટકાથી વધુ અરજીઓનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું છે. બાકીની અરજીઓના પરિણામો પણ તબક્કાવાર ઉપલબ્ધ થશે અને આ સમગ્ર પ્રક્રિયા ટૂંક સમયમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. બોર્ડે ઉમેર્યું કે, વિદ્યાર્થીઓ સત્તાવાર CBSE વેબસાઇટ results.digilocker.gov.in પર પોતાના લોગિન આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરીને તેમના સુધારેલા ગુણ ચકાસી શકે છે. CBSE એ વિદ્યાર્થીઓને ખાતરી આપી હતી કે નિષ્પક્ષતા અને સચોટતા સુનિશ્ચિત કરવા માટે દરેક અરજી પર "મજબૂત, પારદર્શક અને ઝીણવટભરી દેખરેખવાળી સિસ્ટમ દ્વારા પ્રક્રિયા કરવામાં આવી હતી.

બોર્ડે જણાવ્યું કે, વિદ્યાર્થીઓને સલાહ આપવામાં આવે છે કે તેઓ અફવાઓ અથવા સોશિયલ મીડિયા પરની અપ્રમાણિત પોસ્ટ્સ પર વિશ્વાસ ન કરે અને માત્ર સત્તાવાર CBSE સંદેશાઓ પર જ ભરોસો રાખે. બોર્ડે વધુમાં કહ્યું કે, વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને સહાય પૂરી પાડવા માટે CBSE ની કચેરીઓ હંમેશા ઉપલબ્ધ રહેશે.

યોગ અને સમુદ્રી શક્તિને મોદીએ રાષ્ટ્રીય તાકાતના પ્રેરક બળ ગણાવ્યા

યોગક્રિયાને મોદીએ ફક્ત વ્યક્તિગત સ્વાસ્થ્ય માટે જ નહીં પણ વિશ્વ શાંતિ માટે પણ મહત્વની ગણાવી

દેશના આર્થિક અને વ્યુહાત્મક પ્રભાવ માટે સમુદ્રી શક્તિને નિર્ણાયક પરિબળ ગણાવી

કોલકાતા, તા. 21(પીટીઆઈ): વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કોલકાતામાં બે મોટા જાહેર કાર્યક્રમોનો ઉપયોગ ભારતના ભવિષ્ય માટે વ્યાપક દ્રષ્ટિકોણને રેખાંકિત કરવા માટે કર્યો હતો - જેમાંથી એકના મૂળ યોગ દ્વારા આંતરિક સંતુલન અને સામૂહિક સુખાકારીમાં અને બીજાના મૂળ રાષ્ટ્રીય આત્મનિર્ભરતા તથા દરિયાઈ શક્તિમાં રહેલા છે.

શહેરના પ્રતિષ્ઠિત રેડ રોડ પર 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં અને બાદમાં શ્યામા પ્રસાદ મુખર્જી પોર્ટ પર ત્રણ સ્વદેશી નિર્મિત નૌકાદળના જહાજોને દળમાં શામેલ કરવાના પ્રસંગે સંબોધન કરતાં મોદીએ હાઇલાઇટ કર્યું હતું કે કેવી રીતે વ્યક્તિગત શિસ્ત અને રાષ્ટ્રીય ક્ષમતા સાથે મળીને એક મજબૂત અને વધુ આત્મવિશ્વાસુ ભારતનું નિર્માણ કરે છે. જ્યારે એક સંદેશ સંવાદિતા, સ્વાસ્થ્ય અને શાંતિ પર કેન્દ્રિત હતો, ત્યારે બીજો સંદેશ સુરક્ષા, તકનીકી પ્રગતિ અને વ્યૂહાત્મક પ્રભાવ પર ભાર મૂકતો હતો.

સંક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભરતા પર ભાર મૂકતા મોદીએ જાહેરાત કરી હતી કે, આપણી ક્ષમતાઓની ઓળખ આપણી આત્મનિર્ભરતામાં છે, નહીં કે વિશ્વ માટે બજાર બનવામાં. તેમણે ઉમેર્યું હતું કે ભારત વૈશ્વિક સંરક્ષણ ક્ષેત્રમાં માત્ર ખરીદદાર બનીને રહેવા માંગતું નથી. વડાપ્રધાને નોંધ્યું હતું કે ભારતે એરક્રાફ્ટ કેરિયર આઈએનએસ વિક્રાંતના લોકાર્પણ દ્વારા તેની વધતી જતી દરિયાઈ શક્તિનું પ્રદર્શન કરી દીધું છે.

રામ મંદિર ઉચાપત કેસમાં આજે SIT પોતાનો રિપોર્ટ સોંપશે

SIT દ્વારા ચંપત રાય સહિત ટ્રસ્ટ અને મંદિરના પદાધિકારીઓને અયોધ્યા ન છોડવા ચેતવણી

અયોધ્યા (યુપી), તા. ૨૧ (પીટીઆઈ) અયોધ્યાના રામ મંદિરમાં ભંડોળની કથિત ઉચાપતની તપાસ કરી રહેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (સીટ) આ મામલે આજે પોતાનો રિપોર્ટ જમા કરાવશે, સીટ દ્વરા મંદિર ટ્રસ્ટના હોદ્દેદારો અને મંદિરના પદાધિકારીઓને અયોધ્યા ન છોડવાની ચેતવણી અપાઇ છે. એમ મંદિરના સૂત્રોએ જણાવ્યું છે, જેમણે દાવો કર્યો છે કે તપાસકર્તાઓને સોના, ચાંદી અને કિંમતી પથ્થરો જેવી ભેટોના દસ્તાવેજોમાં વિસંગતતાઓ જોવા મળી છે.

ત્રણ સભ્યોની સીટ દ્વારા રવિવારે લખનૌ રવાના થતાં પહેલાં આ આદેશ જારી કરવામાં આવ્યો હતો.

સૂત્રોએ જણાવ્યું હતું કે, સીટના મુખ્ય તારણોમાંનું એક શ્રદ્ધાળુઓ દ્વારા ભગવાન રામને અર્પણ કરવામાં આવેલા સોના અને ચાંદીના દાગીના તેમજ હીરા સહિતના અન્ય કિંમતી પથ્થરોના રેકોર્ડ સાથે સંબંધિત છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, તપાસકર્તાઓને આવી ભેટોના દસ્તાવેજીકરણ અને હિસાબ-કિતાબમાં વિસંગતતાઓ મળી આવી છે. પૂછપરછ દરમિયાન, મંદિર ટ્રસ્ટના કેટલાક હોદ્દેદારો ભેટ તરીકે મળેલા સોના, ચાંદીના દાગીના અને અન્ય કિંમતી વસ્તુઓની ઈન્વેન્ટરી, સંગ્રહ અને હિસાબ-કિતાબ અંગે સંતોષકારક ખુલાસો આપી શક્યા ન હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે, બે મહિનાથી વધુના સમયગાળા દરમિયાન દરરોજ અંદાજે ૧૦ લાખ શ્રદ્ધાળુઓએ મંદિરની મુલાકાત લીધી હતી અને દાનપેટીઓ ગણતરીના કલાકોમાં ચલણી નોટોથી ભરાઈ જતી હોવાના અહેવાલ હતા, જેથી દાનની દેખરેખ અને હિસાબ-કિતાબ રાખવો એ સીટની તપાસનું મુખ્ય કેન્દ્ર બન્યું છે.

જંતર-મંતર પર સીજેપીનું વિરોધ પ્રદર્શન ત્રીજા દિવસમાં પ્રવેશ્યું

અભિજીત દિપકે દ્વારા ખેડૂતોને આંદોલનમાં જોડાવા આમંત્રણ અપાયું

નવી દિલ્હી, તા. 21 (PTI): કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)એ રવિવારે કથિત પરીક્ષા ગેરરીતિઓ અને નીટ પેપર લીક અંગેના તેના વિરોધ પ્રદર્શનમાં જોડાવા માટે ખેડૂત જૂથોને આમંત્રણ આપ્યું હતું, જેમાં સ્થાપક અભિજીત દીપકે જણાવ્યું હતું કે, દિલ્હીના જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન સોમવારે પણ ચાલુ રહેશે અને તેમાં વધુ મોટી સંખ્યામાં લોકો ભાગ લે તેવી અપેક્ષા છે.

વિરોધ પ્રદર્શનના બીજા દિવસે દીપકે ખેડૂત સંગઠનો પાસે ટેકો માંગ્યો હતો અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગણી દોહરાવી હતી.

વિરોધ પ્રદર્શનને સંબોધતાં દીપકે કહ્યું, વિરોધ પ્રદર્શન આવતી કાલે પણ ચાલુ રહેશે અને ભીડ વધવાની અપેક્ષા છે. કારણ કે, ખેડૂત સંગઠનોએ તેમનો ટેકો આપ્યો છે અને તેઓ આવતી કાલે અમારી સાથે જોડાશે.

દીપકે એવો પણ આક્ષેપ કર્યો હતો કે, દિલ્હી પોલીસના કર્મચારીઓ પ્રદર્શન સ્થળે પ્રદર્શનકારીઓને પાણી અને કેળા દાન કરનારા લોકોના આધાર કાર્ડની વિગતો અને સરનામાં માંગી રહ્યા છે. આ સરકારે દિલ્હી પોલીસની શું હાલત કરી દીધી છે? આ આક્ષેપનો જવાબ આપતાં એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતંદ કે, વિરોધ સ્થળ પર સુરક્ષા તૈનાત રહેશે અને સત્તાવાળાઓ પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છે.

સશસ્ત્ર દળોએ સિયાચિનથી લઈને સમુદ્ર સુધી યોગ દિવસની ઉજવણી કરી

■ સિયાચીન ગ્લેશિયરની બરફાચ્છાદિત ઊંચાઈઓથી લઈને કચ્છના વિશાળ રણ સુધી અને ઉત્તર-પૂર્વની ટેકરીઓથી લઈને સમુદ્રમાં નૌકાદળના પ્લેટફોર્મ્સ સુધી સશસ્ત્ર દળોએ શારીરિક તંદુરસ્તી અને માનસિક સ્થિતિસ્થાપકતા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરતાં દેશભરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી હતી. સેનાએ એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું કે, "સિયાચીન ગ્લેશિયરની બરફાચ્છાદિત ઊંચાઈઓથી લઈને દક્ષિણ છેડે કન્યાકુમારી સુધી; ઉત્તર-પૂર્વમાં ઉગતા સૂર્યની ભૂમિથી લઈને કચ્છના વિશાળ રણ સુધી, સૈનિકોએ વિવિધ અને પડકારજનક ભૂપ્રદેશોમાં યોગ કર્યા, જે શારીરિક તંદુરસ્તી, માનસિક સુખાકારી અને સર્વગ્રાહી સ્વાસ્થ્ય પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરે છે."

ગરમીને કારણે હિલ સ્ટેશન પર જૂનમાં બુકિંગમાં 76 ટકાનો વધારો

સૌથી વધુ બુકિંગ શીમલામાં થયું, જ્યારે ઓછા જાણીતા ડોભી, રાજગુંધા અને કરેરી જેવા સ્થળોએ પણ સૌથી વધુ બુકિંગ મેળવ્યું

નવી દિલ્હી, તા. 21 : જૂન મહિનામાં દેશભરમાં તાપમાનમાં વધારો અને વર્ષના મધ્યભાગે મુસાફરીની તકો આવવાની સાથે, શિમલામાં બુકિંગમાં વાર્ષિક ધોરણે "76 ટકા" વધારો થયો છે, જે ભારતીયોમાં પર્વતીય સ્થળોએ ફરવા જવાની વધતી પસંદગીને પ્રતિબિંબિત કરે છે, હોસ્પિટાલિટી અને બેકપેકરની એક હોસ્ટેલ ચેઇન દ્વારા બહાર પાડવામાં આવેલા ડેટામાં આ વાત જાહેર થઇ છે.

કંપનીએ ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં શ્રીનગર, તીર્થન ખીણ અને ગંગટોક જેવા સ્થળોએ પ્રવાસીઓની સંખ્યામાં લગભગ 95 ટકાનો વધારો નોંધાવ્યો હતો, જે મહિના દરમિયાન પર્વતીય મુસાફરી તરફ વ્યાપક પરિવર્તનને દર્શાવે છે. આ નેટવર્ક પર એકંદરે પર્વતીય વિસ્તારનું બુકિંગ વાર્ષિક ધોરણે "સાત થી નવ ટકા" વધ્યું, લગભગ "૪૮ ટકા" પ્રવાસીઓએ પ્રસ્થાનના ત્રણ દિવસમાં બુકિંગ કરાવ્યું. આ તારણોએ સ્વયંભૂ મુસાફરી માટે વધતી જતી પસંદગી પણ સૂચવી, જેમાં 72-કલાક બુકિંગ વિન્ડો પ્રબળ બુકિંગ પેટર્ન તરીકે ઉભરી આવી. જેમાં આ જૂનમાં માઉન્ટેન બુકિંગ ગયા વર્ષની સરખામણીમાં 76 ટકા વધ્યું છે, અને તેમાંથી લગભગ અડધા બુકિંગ મુસાફરીની તારીખના 72 કલાકની અંદર થઈ ગયા હતા.

પ્રારંભિક દરો અને અગાઉથી વિચારણાની આસપાસ કરાયેલી પરંપરાગત આયોજન સાયકલને એવા પ્રવાસી દ્વારા અવગણવામાં આવી રહી છે જેમણે પહેલેથી જ પોતાનું મન બનાવી લીધું છે અને ખૂબ જ ટૂંકા ગાળાની સૂચના પર મહત્વપૂર્ણ મુસાફરી નિર્ણયો લેવામાં આરામદાયક છે એવું આ હોસ્ટેલ ચેને એક નિવેદનમાં જણાવ્યું હતું.

કસૌલીમાં વેલકમહેરિટેજ પર્વ વિલાસ રિસોર્ટ અને સ્પા જેવા આતિથ્ય ક્ષેત્રના પ્લેયર્સે જણાવ્યું હતું કે આ મહિનાઓ દરમિયાન ઓક્યુપન્સી લેવલ સામાન્ય રીતે ૧૫-૧૮ ટકા વધે છે.

આ સમયગાળા દરમિયાન, હોટેલોમાં સામાન્ય રીતે વર્ષના બાકીના સમયની તુલનામાં આશરે 15-18 ટકાનો ઓક્યુપન્સી સ્તરનો વધારો જોવા મળે છે, જે મુખ્યત્વે ઉનાળાની રજાઓ, કૌટુંબિક મુસાફરી અને અનુકૂળ હવામાન પરિસ્થિતિઓને કારણે થાય છે.

શિમલા સૌથી વધુ બુકિંગ થયેલ સ્થળ રહ્યું, જ્યારે ડોભી, રાજગુંધા અને કરેરી જેવા સ્થળોએ આ સિઝનમાં સૌથી વધુ બુકિંગ થયું, જે મુખ્યત્વે ઓર્ગેનિક માંગ અને સાથીઓની ભલામણોને કારણે હતું. આ ઉભરતા સ્થળોની સાથે, શ્રીનગર, તીર્થન ખીણ અને ગંગટોકે બેંગલુરુ અને મુંબઈ સહિતના મુખ્ય શહેરોના પ્રવાસીઓને આકર્ષ્યા, જે પર્વતીય અનુભવો માટે લાંબા અંતરની મુસાફરી કરવાની વધતી જતી ઇચ્છાને પ્રતિબિંબિત કરે છે.